# સ્કારબોરો લીલું ("ગ્રીન") બની રહ્યું છે
## અંક 3 – માર્ચ 2004

### સ્કારબોરો રહેવાસિયોને શાબાશી
અભિનંદન, સ્કારબોરો! વાતાવરણની કાળજી વિશે તમે તમારી સર્વોપરીતતા સાબિત કરી બતાવી છે. તમારામાંના 90% થી વધારે લોકો ગ્રીન બિન કાર્યક્રમમાં સક્રીય છે, અને લેન્ડફિલમાં જતા ઓર્ગેનિક કચરામાં તમે દર મહીને 2,200 ટનનો ઘટાડો કરવામાં અમારી મદદ કરો છો. હવે આ કચરાથી ચોખ્ખું અને વાપરવા લાયક ખાતર બનાવવામાં આવે છે.

આ શહેરની કીલ વેલી લેન્ડફિલ 31 ડિસેમ્બર 2002 માં બંધ થઇ ગઇ હતી. એ કારણે, તમારો સહયોગ ખાસ કરીને અગત્યનો છે. હવે અમારો બધોજ કચરો ટ્રકથી મિશિગન પહોચડવામાં આવે છે જેથી અમારો કચરો નિકાસનો દર ટન ખર્ચ $12 થી વધીને $52 થઇ ગયું છે. તમારા ગ્રીન બિનને અસરકારક રીતે વાપરીને મિશિગન જતી ટ્રકોની સંખ્યામાં દર મહીને 65 નો ઘટાડો થયો છે. વાતાવરણ માટે આ ઘણી સારી ખબર છે.

ગ્રીન બિન કાર્યક્રમના સમર્થન માટે તમારો આભાર!

### સ્કારબોરો અને ઇટોબિકોક બાકીના ટોરન્ટો માટે માર્ગદર્શક છે
સ્કારબોરો અને ઇટોબિકોકમાં ગ્રીન બિન કાર્યક્રમની સફળતાના આધારે આ કાર્યક્રમ ટોરન્ટોના બીજા ભાગોમાં લાગુ કરવામાં આવશે; યોર્ક અને ઈસ્ટ યોર્ક ઓક્ટોબર 2004 માં – અર્થાત 210,000 વધારે ઘરો. નોર્થ યોર્ક આ કાર્યક્રમમાં 2005 ના ઓક્ટોબર-નોવેમ્બર મહિનામાં શામિલ થશે.

### પ્લાસ્ટિક ચેતવણી! તમારી મદદની જરૂરત છે!
જો કે તમારા કન્ટેનરમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડવું બરાબર છે, તમારા કચરામાં પ્લાસ્ટિકની કોથળીઓ, બ્રેડની બેગ અને બીજી પ્લાસ્ટિકની પેકેજીંગનો સમાવેશ કરવો *બરાબર નથી*. આ બધી વસ્તુઓ પ્રોસેસિંગ પ્લાન્ટમાં દખલ કરે છે.

મહેરબાની કરીને બિનમાં મૂકતાં પહેલા તમારા ઓર્ગેનિક કચરાને પ્લાસ્ટિક પેકેજીંગથી જુદું કરો (દા.ત., સેંડવિચના ફ્રસ્ટને એના આચ્છાદનથી જુદું પાડો). અમારા પ્રોસેસિંગ પ્લાન્ટમાં, કન્ટેનરમાં અસ્તર માફક વપરાતા પ્લાસ્ટિક બેગ જુદી કરવાની સગવડ છે – પણ પ્લાસ્ટિક પેકેજીંગ નહિ.

નિષ્કર્ષ, છેટવની વસ્તુઓ માટે પ્લાસ્ટિક સારું નથી. ચોખ્ખું અને યોગ્ય વાપરવા લાયક ખાતર બનાવવામાં તમારી મદદ માટે તમારો આભાર.

### "યક ફેક્ટર" ના નિયંત્રણ માટે પ્લાસ્ટિક કેવી રીતે વાપરવું
તમારા રસોડાના ઇનડોર કન્ટેનરમાં અથવા તમારા ગ્રીન બિનમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડીને તમે "યક ફેક્ટર" નો નિયંત્રણ કરી શકો છો (કોઇ ખાસ બેગ ખરીદવાની જરૂર નથી ... તમારી વાપરેલી મોદીની બેગ ચાલશે). બન્ને બિનોમાં અસ્તર લગાડવું જરૂરી નથી. જો તમે રસોડાના કન્ટેનરમાં અસ્તર લગાડો તો તમને ઓર્ગેનિક કચરાને બીજી વાર સ્પર્શ કરવાની જરૂરત નહિ. ફક્ત ઇનડોર કન્ટેનરની ભરેલી પ્લાસ્ટિક બેગને જુદી કરીને તમારા બહારના ગ્રીન બિનમાં ફેંકી દો - ઢીલાશથી બાંધીને અથવા સરળ વળ વાપરીને, જો બની શકે તો. આ રીતે પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્લાસ્ટિકને ઓર્ગેનિક કચરાથી જુદું કરવામાં અમને મદદ મળશે.

તમારા રસોડાના ઇનડોર કન્ટેનરમાં અથવા તમારા ગ્રીન બિનમાં અસ્તર માફક પ્લાસ્ટિક બેગ લગાડવાથી એક વધુ લાભ થાય છે; શિયાળમાં ઓર્ગેનિક્સને બિનના અંદરની બાજુ ઠરીને ચોટતું બચાવે છે. એમ કરવાથી કામ કરનારાઓ ઓર્ગેનિક કચરાને ટ્રકમાં ફેંકવાથી રોકાય છે.

## મહેરબાની કરીને કમરતોડ કચરો નહિ
20 કિલોગ્રામ (44 પાઉન્ડ) થી વધારે વજનની બિન કે બેગને ઉઠાવવામાં આવશે નહિ, એ કારણે વધુ પડતા કચરા માટે પારદર્શક પ્લાસ્ટિક બેગ વાપરો - મહેરબાની કરીને ફક્ત એકજ મોટી બેગ વાપરો – નાની જુદી જુદી બેગો નહિ) અને ગ્રીન બિનની પાસે મૂકો. અમારી સલાહ છે કે તમે વધુ પડતા કચરાની બેગ, ખાવાની વસ્તુઓ સિવાય બીજી વસ્તઓ માટે વાપરો (દાખલા તરીકે, ડાયપર, પશુ-જાનવરોની છાણ) કારણકે એ પશુ-જાનવરોને આકર્ષિત કરશે નહિ. તમે ઘરની બહાર રાખવાનું નવું લીલું બિન $15 માં (રસોડાનો ઇનડોર કન્ટેનર $4) માં ખરીદી શકો છો. વધારે માહિતી માટે જુઓ, "તમારૂં બિન કેવી રીતે બદલી શકાય".

## તમારૂં બિન કેવી રીતે બદલી શકાય
જો તમારા બિનો ફાટી જાય કે તૂટી જાય, તો મહેરબાની કરીને સ્કારબોરો ટ્રાન્સફર સ્ટેશનમાં લઇને જાઓ અને સિટી એને મફતમાં બદલી દેશે (રીસાયકલ બોકસને પણ). વધારે માહિતી માટે મહેરબાની કરીને 416-338-2010 પર ફોન કરો. બિન બદલવા માટે અથવા નવી બિન કે વધુ બિન ખરીદવા માટે જાઓ :

સ્કારબોરો ટ્રાન્સફર સ્ટેશન
1 ટ્રાન્સફર પ્લેસ
(માર્ખમ રોડની ઉત્તરમાં, નગેટ એવન્યૂની ડાબી બાજુ)
મંગળવારથી શુક્રવાર, સવારના 6 વાગ્યાથી સાંજના 5:30 વાગ્યા સુધી
શનિવાર, સવારના 6:30 વાગ્યાથી બપોરના 12:30 વાગ્યા સુધી

## ગ્રીન બિન કાર્યક્રમ એવી રીતે કામ કરે છે
1. કચરો ભેગો કરવાની ગાડીઓ, તમારા ઓર્ગેનિક કચરાને રસ્તાના કિનારાથી ઉઠાવીને ડફરિન ઓર્ગેનિક્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાં લઇ જશે.
2. ત્યાં તપાસ કરનારાઓ, આ ઓર્ગેનિક કચરાની તપાસ કરે છે અને મોટી કામ વગરની વસ્તુઓ છૂટી પાડે છે.
3. ઓર્ગેનિક કચરાને એક હાઈડ્રો-પલ્પર (મોટા મિકસર જેવી મશીન) માં સ્પિન કરીને પ્રવાહી માવો બનાવવામાં આવે છે.
4. એક જીવ વિજ્ઞાનિક પદ્ધતિથી ("એનોરોબિક ડાયજેશ્ચન") ઓકિસજનની ગેરહાજરીમાં બેકટીરિઆ વાપરીને પલ્પથી ઘન પદાર્થ બનાવવામાં આવે છે.
5. પછી આ પદાર્થને ટ્રકથી બીજી જગ્યાએ લઇ જવામાં આવે છે જ્યાં વાપરવા લાયક ખાતર બનાવવામાં આવે છે. એવી રીતે બનેલું ખાતર બાગ-બગીચા, ખેતી અને બીજા પ્રયોજનો માટે વાપરી શકાય છે.

## સ્વીકાર્ય અને અસ્વીકાર્ય પદાર્થોની યાદી
<u>લીલા બિનમાં મૂકો ...</u>
- ફળ, શાકભાજીના કટકા
- માંસ, શૈલફિશ, માછલીના પદાર્થ
- પાસ્તા, બ્રેડ, સિરિઅલ
- દૂધ-ઘીના પદાર્થો, ઈંડાના કોચલા
- કોફીની ભૂકી, ફિલ્ટર્સ, ચાની બેગ
- વાપરેલા પેપર ટુવાલ, ટિશ્યૂઝ
- ખાવાની વસ્તુઓની વાપરેલી કાગળની પેકેજીંગ: "ફાસ્ટ ફૂડ" કાગળની પેકેજીંગ, આઇસક્રીમના ડબા, મફિનના પેપર, લોટ અને ખાંડની બેગ
- કોફીના પેપર કપ, પેપર પ્લેટ
- કેન્ડી, કુકી, કેક
- ભૂંજનની સામગ્રી, હર્બ, મસાલા
- માટી સાથેના નાના છોડ
- ડાયપર, સ્ત્રીઓ માટેની સેનેટરી વસ્તુઓ
- પશુ-જાનવરોની છાણ, પાથરણ (દા.ત., પક્ષીના પીંજરાથી), બિલાડીઓનો મળમૂત્ર
- પાળેલા પ્રાણીઓનો ખોરાક

<u>મહેરબાની કરીને નીચે લખેલી વસ્તુઓનો સમાવેશ કરશો નહિ ... (એ ભાંગી શકે નહિ જેથી એનું ખાતર બની શકતું નથી):</u>

- પ્લાસ્ટિકના આચ્છાદન, કોથળા, સેંડવિચ બેગ
- પ્લાસ્ટિકની વસ્તુઓ જેમ કે ખાવાની વસ્તુઓના પાત્ર (દા.ત., દહીં અથવા માર્જરીનના ડબા), છરી-ચાકા
- દૂધની પ્લાસ્ટિક બેગ
- સ્ટાયરોફોમ, મીટ ટ્રે લાઇનર્સ
- ફોઇલ
- વેક્સ પેપર
- મુમ્બત્તી
- બનાવટી ફૂલો અને રોપ
- ચામડાં, વસ્ત્ર, પોશાક
- ગાલીચા, જાજમ
- સિગરેટના ઠૂંઠાં, તમાકુ
- બૂચ (વાઇન બાટલી વગેરેના)
- ચૂઈંગ ગમ
- કાનખોતરણ, કપાસના ગોળા, મેક-અપ સાફ કરવાની સામગ્રી
- બાળકોને સાફ કરવાના કાપડ
- સફાઇના ફેંકી દેવા જેવા કાપડ
- ડ્રાયર લિન્ટ, ડ્રાયર શીટ્સ
- વેક્યૂમની થેલીઓ અને એમાં આવતી વસ્તુઓ
- પીંછાં
- વાળ, પાળેલા જાનવરના ફર
- મૃત પશુ-જાનવર
- ફાયરપ્લેસ અથવા બાર-બે-ક્યૂની રાખોડી
- લાકડાની વસ્તુઓ, લાકડાની ચીપ્સ (પશુ-જાનવરોની પાથરણ સિવાય બીજી)

***કોઇ સવાલો? વધારે માહિતી જોઇએ છે?***

*ગ્રીન બિન કાર્યક્રમ બાબત તમારો કોઇ સવાલ હોય તો કસ્ટમર સર્વિસને 416-338-2010 પર ફોન કરો અથવા www.toronto.ca/greenbin પર અમારી વેબ-સાઇટ જુઓ.*